ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 3rd April, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..................................................................................,

ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભવિષ્યમાં ઉત્પન્ન થનાર વૈશ્વિક સમસ્યા 'E-Waste' અંગે જાગૃતતા સેમીનાર યોજાયો.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતિ ફેલાવવાના હેતુથી છેલ્લા ૧૫ વર્ષથી અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

લોક જાગૃતતા અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા નગર પ્રાથમિક પ્રાથમિક શાળા નં. ૩૦ અને ધનેશ મહેતા હાઇસ્કુલના વિદ્યાર્થીઓ માટે ધનેશ મહેતા હાઇસ્કુલ, ક્રેસંટ સર્કલ, ભાવનગર ખાતે 'E-Waste' વિષય પર લોક જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવેલ.

ઉપરોક્ત સેમિનારના વક્તા પ્રો. સુભાષભાઈ મેહતા (નિવૃત પ્રાધ્યાપક, સર પી.પી. સાયન્સ કોલેજ, ભાવનગર)એ વધતી જતી ટેકનોલોજીની આડઅસર સ્વરૂપે આપણને મળતા Electronic Wasteની પૃથ્વી પરના વિવિધ આવરણ પર થતી અસરો અને ખાસ કરીને સજીવો પર થતી ગંભીર અસરો જણાવી હતી. ઉપરાંત આ Electronic Wasteના યોગ્ય નિકાલ માટે વૈશ્વિક સ્તરે કેવી કેવી કામગીરીઓ થાય છે અને ભારતમાં આ સમસ્યાના ઉકેલ માટે કેવા પ્રયત્નો હાથ ધરાયા છે વગેરે બાબતોની વિસ્તૃત માહિતી આપી હતી.

ઉપરોક્ત સેમીનારનો કુલ મળીને ૧૪૩ વિદ્યાર્થીઓ લાભ લીધો હતો. જે વિગતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

(હર્ષદ જોષી) 3.4.17

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.